Upload 25 10 2024 National 1.20am (NSD) Afternoon-1

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, જર્મનીનાં રોકાણકારો માટે ભારત ઉત્તમ સ્થળ છે.
- ✓ ઓડિશામાં તીવ્ર ચક્રવાતી વાવાઝોડું દાના નબળું પડીને ડીપ ડિપ્રેશનમાં ફેરવાશે અને ઉત્તર ઓડિશા તરફ આગળ વધશે.
- ✓ ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ.
- ✓ ભારતે લેબનાનના હિંસાગ્રસ્ત વિસ્તારો માટે 11 ટન તબીબી સહાયનો પ્રથમ હપ્તો પહોંચાડ્યો.
- ✓ પુણેમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના બીજા દિવસે ભારત 156 રનમાં ઓલઆઉટ.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

*E ASIA PACIFIC GERMAN BUSINESS CONFERENCE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારત અને જર્મની વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીનું આ 25મું વર્ષ છે અને જર્મનીનાં રોકાણકારો માટે ભારત ઉત્તમ સ્થળ છે. આજે નવી દિલ્હીમાં 18મા એશિયા પ્રશાતં જર્મન વેપાર સંમેલનને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું કે, આગામી 25 વર્ષ ભારત-જર્મની વચ્ચેનાં સંબંધોને મજબૂતી આપનારા સાબિત થશે. તેમણે જણાવ્યું કે, ભારત વિશ્વનાં ભવિષ્યની જરૂરિયાતો માટે કામ કરી રહ્યું છે. મેક ઇન ઇન્ડિયા અને મેક ફોર ધ વર્લ્ડ માટે આ સૌથી ઉત્તમ સમય છે. તેમણે જર્મની દ્વારા ફોકસ ઓન ઇન્ડિયા દસ્તાવેજ જારી કરવા બદલ ખુશી વ્યક્ત કરી હતી..

આ સંમેલન અગાઉ જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમનાં સત્તાવાર નિવાસસ્થાન લોક કલ્યાણ માર્ગ ખાતે મળ્યા હતા. આજે બંને નેતાઓ નવી દિલ્હીમાં સાતમી આંતર સરકારી પરામર્શ- IGC બેઠકની સહ અધ્યક્ષતા કરશે.

બંને નેતાઓ સલામતી, સંરક્ષણ સહકાર, આર્થિક સહકાર, હરિત અને સાતત્યપૂર્ણ વિકાસ ભાગીદારી અને ઊભરતી તથા વ્યૂહાત્મક ટેકનોલોજીનાં ક્ષેત્રોમાં જોડાણ પર પણ ચર્ચા કરશે. ચાન્સેલર સ્કોલ્ઝ ગઈ કાલે રાત્રે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી આવ્યા હતા. શ્રી સ્કોલ્ઝ શનિવારે ગોવા જશે, જયાં જર્મન નૌકાદળની ફ્રિગેટ ‘બેડન-વુએરટ્ટમબર્ગ’ અને લડાકુ સહાયક જહાજ ‘ફ્રેન્કફર્ટ એએમ મેઇન’નું ગોવાનાં બંદર પર આગમન થશે.

## PRESIDENT CHATTISGARH VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી છત્તીસગઢની બે દિવસની મુલાકાતે પહોંચ્યા. તેઓ આજે રાયપુરમાં એઇમ્સના બીજા અને NIT રાયપુરના 14મા પદવીદાન સમારોહમાં હાજરી આપશે તેમજ નયા રાયપુર ખાતે પુરખૌતી મુક્તાંગનની મુલાકાત

લેશે. આવતી કાલે રાષ્ટ્રપતિ IIT, ભિલાઇના ચોથા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેઓ રાયપુરમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય મેમોરિયલ હેલ્થ સાયન્સ એન્ડ આયુષ યુનિવર્સિટીના ત્રીજા પદવીનદાન સમારોહમાં પણ હાજરી આપશે.

## *NEXT CJI APPOINTMENT*

ભારતના આગામી મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની નિયુક્તિ કરવામાં આવી છે. એક સામાજિક મિડિયા પોસ્ટમાં કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલે જણાવ્યું હતું કે, મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચુડ સાથે મંત્રણા કર્યા બાદ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ 11મી નવેમ્બરથી ન્યાયમૂર્તિ ખન્નાને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કર્યા છે. ન્યાયમૂર્તિ ખન્ના હાલમાં સર્વોચ્ચ અદાલતમાં બીજા સૌથી વધુ વરિષ્ઠ ન્યાયમૂર્તિ છે. તેઓ ભારતના 51મા મુખ્ય ન્યાયમૂર્તિ બનશે. ન્યાયમૂર્તિ ખન્ના 13 મે, 2025નાં રોજ નિવૃત્ત થશે.

ભારતના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચુડે 9 નવેમ્બર, 2022નાં રોજ હોદ્દો સંભાળ્યો હતો, તેઓ 10 નવેમ્બરનાં રોજ નિવૃત્ત થઈ રહ્યા છે.

## *CYCLONE DANA*

ઓડિશામાં આવેલું તીવ્ર ચક્રવાતી વાવાઝોડું દાના નબળું પડીને ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થશે અને ઉત્તર ઓડિશાને પાર કરશે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ગંભીર ચક્રવાત દાના ગઈ રાત્રે ઓડિશાના દરિયાકાંઠે ભીતરકણિકા નેશનલ પાર્ક અને ધામરા વચ્ચે જમીન પર પ્રવેશ્યું હતું. જેના કારણે ઓડિશાના કેન્દ્રાપાડા, ભદ્રક અને બાલાસોર જિલ્લાના ઘણા ભાગોમાં ભારે પવન અને વરસાદ થયો હતો. વાવાઝોડીની અસરથી મોટી સંખ્યામાં વૃક્ષો અને વીજળીનાં થાંભલા

ધરાશાયી થતાં વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો જે આજે સાંજ સુધીમાં યથાવત થવાની શક્યતા છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ આજે સવારે ભુવનેશ્વરમાં ચક્રવાત પછીની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે અસરગ્રસ્ત જિલ્લાઓના કલેક્ટરને વાવાઝોડાંથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા અને તેનો અહેવાલ વહેલી તકે સુપરત કરવા જણાવ્યું છે. દરમિયાન હવામાન વિભાગે આજે બાલાસોર, ભદ્રક અને મયુરભંજ જિલ્લામાં ભારે વરસાદનું રેડ એલર્ટ જ્યારે કેન્દ્રાપાડા, કેઓંઝર, ઢેંકનાલ, કટક અને જાજપુર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપ્યું છે. અત્યાર સુધી જાનહાનિના કોઈ અહેવાલ નથી.

## *ELECTION*

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની તમામ બેઠકો, વિવિધ રાજ્યોની વિધાનસભાની ખાલી પડેલી 48 બેઠકો જ્યારે લોકસભાની ખાલી પડેલી બે બેઠકો માટે ચૂંટણી યોજાવા જઈ રહી છે.

દરમિયાન ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે અંતિમ દિવસ છે. રાજ્યની 43 બેઠકો પર 13 નવેમ્બરના રોજ મતદાન થશે. અત્યાર સુધીમાં 748 જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. વિપક્ષના નેતા અમર કુમાર બૌરીએ ચંદનકારી બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી. ઉમેદવારી પત્રોની ચકાસણી 28 ઑક્ટોબરના રોજ થશે, 30 ઑક્ટોબર સુધી ઉમેદવારી પરત લઈ શકાશે.

આ તરફ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે 552 ઉમેદવારોએ ફોર્મ ફર્યા છે. દરમિયાન ભારતીય રાષ્ટ્રિય નેશનલ કોંગ્રેસે ઉમેદવારોની બીજી યાદી કરી છે જેમાં સાત નામોના સમાવેશ થાય છે. જેમાં બાબાસિદ્દિકીના પુત્ર જીસાંન સિદ્દિકી બાન્દ્રા પૂર્વ બેઠક પરથી ચૂંટણી લડશે.

જ્યારે સાંસદ પ્રતાપ રાવ ચિખલીકર લોહા બેઠક પરથી ચૂંટણી લડશે, આ બંને નેતાઓ ઉમેદવારી પત્રો ભર્યાના થોડા કલાકો પૂર્વે એનસીપી સાથે જોડાયા હતા.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## *LEBANON-HUMANITARIAN AID*

લેબનોન ખાતેના  ભારતના રાજદૂત નૂર રહેમાન શેખે લેબનોનના આરોગ્ય મંત્રી ફિરાસ અબિયાદને 11 ટનનો તબીબી સહાયનો પ્રથમ હપ્તો આપ્યો છે. જે બંને દેશો વચ્ચેના સહયોગી પ્રયાસોને ઉજાગર કરે છે. સોશિયલ મીડિયાના માધ્યમથી લેબનોન ખાતેના  ભારતીય દૂતાવાસે લેબનોન સાથે તેના સંબંધોને મજબૂત કરવા માટે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

આ ક્ષેત્રમાં વધી રહેલા તણાવ વચ્ચે માનવતાવાદી સહાયના ભાગરૂપે ભારતે 18મી ઓક્ટોબરે 11 ટન તબીબી પુરવઠો મોકલ્યો હતો અને કુલ 33 ટન તબીબી પુરવઠો મોકલવામાં આવશે.

## *J&K-SEARCH OPERATION*

જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લાના સરહદી વિસ્તારોમાં શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવા માટે સરહદ સુરક્ષા દળ BSF અને પોલીસે આજે

સંયુક્ત તપાસ અભિયાન શરૂ કર્યું છે. જેમાં સુરક્ષા દળો આંતરરાષ્ટ્રીય સરહદ પરના કેટલાક જંગલ પટ્ટાઓ સહિત અનેક સંવેદનશીલ સ્થળોને સ્કેન કરી રહ્યાં છે. આ અભિયાનો હેતુ સરહદી વિસ્તારોમાં શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવાનો અને સુરક્ષાને મજબૂત કરવાનો છે. દરમિયાન, સાંબાના જિલ્લા મેજિસ્ટ્રેટે સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદના બે કિલોમીટરની અંદર તમામ પ્રકારના ફટાકડાના વેચાણ અથવા ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધનો આદેશ આપ્યો છે.

## *PM MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી કડી હશે. શ્રોતાઓ ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર કાર્યક્રમ માટેના પોતાના મંતવ્ય મોકલી શકે છે. ઉપરાંત My Gov અને નમો એપ પર પણ મંતવ્ય મોકલી શકાશે.

કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં નેટવર્ક પર કરાશે. "મન કી બાત" કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. એપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

## *DAY CRICKET - IND NZ*

પુણેમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના બીજા દિવસે ભારત 156 રનમાં ઓલઆઉટ થઈ ગયું છે. જ્યારે ન્યુઝીલેન્ડે 102 રનની

સરસાઈ મેળવી છે. ગઈકાલે ન્યુઝીલેન્ડની ટીમ પ્રથમ દાવમાં 259 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરે સાત અને રવિચંદ્રન અશ્વિને ત્રણ વિકેટ ઝડપી હતી. ન્યુઝીલેન્ડે ત્રણ મેચોની શ્રેણીમાં બેંગલુરુમાં પ્રથમ ટેસ્ટ મેચ જીતી લીધી હતી.

## *DAY WRESTLING*

અલ્બેનિયાના તિરાનામાં 23 વર્ષથી ઓછી વયની વિશ્વ કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારતે એક રજત અને બે કાંસ્ય ચંદ્રક જીત્યા છે. મહિલાઓના 59 કિગ્રા વજન વર્ગમાં ભારતની ખેલાડી અન્જલીએ રજત ચંદ્રક જીત્યો હતો. ફાઇનલમાં યુક્રેનની ખેલાડી સોલિમિયા વિનીક સામે પરાજય થતાં તે બીજા સ્થાને રહી હતી.

જ્યારે મહિલાઓના 68 કિગ્રા વજન વર્ગમાં મોનિકાએ ચીનની પ્રતિસ્પર્ધીને 5-3થી હરાવીને કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. અગાઉ પુરુષોની 55 કિગ્રા ગ્રીકો - રોમન કેટેગરીમાં ભારતના વિશ્વજીત રામચંદ્ર મોરેએ એડમ ઉલ્બાશેવને 14-10થી હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

## *SQUASH- COUZEIX OPEN*

સ્ક્વોશમાં, ભારતની આકાંક્ષા સાલુંખેએ ફ્રાંસમાં રમાઈ રહેલી બીજી ઇન્ટરનેશનલ વિમેન્સ ઓપન ઓફ કૌઝિક્સ 2024ની સેમિફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે. તેણે ગઈકાલે રમાયેલી ક્વાર્ટર ફાઇનલમાં ઈંગ્લેન્ડની કિએરા માર્શલને 3-2થી પરાજય આપ્યો હતો. આજે રમાનારી સેમિફાઇનલમાં આકાંક્ષાનો મુકાબલો ઇજિપ્તની મેન્ના વાલિદ સામે થશે.

## *ACC T20 ASIA CUP*

એસીસી મેન્સ ટી-20 ઇમર્જિંગ ટીમ એશિયા કપમાં આજે ઓમાનના અલ અમિરાતમાં ઇન્ડિયા A અને અફઘાનિસ્તાન A સેમિફાઇનલમાં રમશે. મેચ ભારતીય સમય પ્રમાણે સાંજે સાત વાગે શરૂ થશે. ટુર્નામેન્ટમાં ઇન્ડિયા A એક પણ મેચ હાર્યું નથી. આજે અન્ય સેમિ-ફાઇનલમાં શ્રીલંકા A પાકિસ્તાન Aનો સામનો કરશે. ઇન્ડિયા A જીતશે તો તે રવિવારે ફાઇનલમાં પાકિસ્તાન A અથવા શ્રીલંકા A સામે રમશે.